## પશ્ચિમ એશિયાઈ સંઘર્ષને પગલે વૈશ્વિક વાતાવરણ પડકારજનક બન્યું છે

# ફુગાવો અને નબળુ ચોમાસું અર્થતંત્ર માટે ખતરો : નાણા મંત્રાલય




નવી દિલ્હી, તા.૩૧

મે મહિનાની આર્થિક સમીક્ષામાં, આર્થિક બાબતોના વિભાગે ભારતના નજીકના ગાળાના આર્થિક દૃષ્ટિકોણને સાવધ અને સ્થિતિસ્થાપક ગણાવ્યો હતો. વિભાગે જણાવ્યું હતું કે વૈશ્વિક આંચકા છતાં સ્થાનિક મૂળભૂત બાબતો મજબૂત રહે છે. જોકે, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, તંગ નાણાકીય સ્થિતિ અને નબળા ચોમાસાને વપરાશ અને ફુગાવા માટેના મુખ્ય જોખમો તરીકે દર્શાવવામાં આવ્યા છે.અહેવાલ મુજબ, ઉત્પાદન અને સેવાઓ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પૈં) વિસ્તરણના ક્ષેત્રમાં છે. શ્રમ બજાર સ્થિર છે, અને વિદેશી વિનિમય અનામત બાહ્ય આંચકાઓ સામે રક્ષણ પૂરું પાડે છે. વિભાગે સ્વીકાર્યું કે પશ્ચિમ એશિયાઈ સંઘર્ષને પગલે વૈશ્વિક વાતાવરણ પડકારજનક બન્યું છે. ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને મુખ્ય અર્થતંત્રોમાં નબળી વૃદ્ધિ ભારત માટે પડકારો ઉભા કરે છે.

ફુગાવાની ગતિશીલતા પર સતર્કતા જરૂરી છે. છૂટક ફુગાવા અને જથ્થાબંધ ભાવ વચ્ચેનો તફાવત ખર્ચના દબાણમાં વધારો દર્શાવે છે. એપ્રિલ ૨૦૨૬ માં છૂટક ફુગાવો નજીવો વધીને ૩.૪૮% થયો, જે ભારતીય રિઝર્વ બેંકના લક્ષ્ય કરતાં ઓછો છે. જોકે, વૈશ્વિક ઉર્જાના ભાવમાં વધારો અને ચલણના અવમૂલ્યનને કારણે જથ્થાબંધ ફુગાવો ઝડપથી વધીને ૮.૩% થયો. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો અને નબળા ચોમાસાથી ખાદ્ય પદાર્થોના ભાવ પર વધારાનું દબાણ આવી શકે છે.

આર્થિક બાબતોના વિભાગની સમીક્ષા મુજબ, છૂટક ફુગાવા અને જથ્થાબંધ ભાવ વચ્ચેનો તફાવત ચિંતાજનક છે. આ વધતા ઉત્પાદન ખર્ચને સૂચવે છે, જે ટૂંક સમયમાં ગ્રાહકોને અસર કરી શકે છે. એપ્રિલ ૨૦૨૬ માં છૂટક ફુગાવો ૩.૪૮ ટકા હતો, જ્યારે જથ્થાબંધ ફુગાવો ૮.૩ ટકા પર પહોંચ્યો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો અને નબળા ચોમાસાને કારણે ખાદ્યપદાર્થોના ભાવ પર દબાણ આવવાની ધારણા છે.એપ્રિલ ૨૦૨૬ માં ઔદ્યોગિક પ્રવૃત્તિમાં મિશ્ર સંકેતો જોવા મળ્યા, પરંતુ સિમેન્ટ, સ્ટીલ અને વીજ ઉત્પાદન સ્થિતિસ્થાપક રહ્યું. નાણાકીય વર્ષ ૨૬ માં કુલ વિદેશી પ્રત્યક્ષ રોકાણ ઈ૯૪.૫ બિલિયનના ઐતિહાસિક ઉચ્ચ સ્તરે પહોંચ્યું. હોર્મુઝ સ્ટ્રેટમાં વિક્ષેપ ભારતના બાહ્ય અને ભાવ અંદાજ માટે મહત્વપૂર્ણ છે. ભારતીય હવામાન વિભાગે લાંબા ગાળાના સરેરાશના લગભગ ૯૨% ચોમાસાના વરસાદની આગાહી કરી છે. વરસાદની ઉણપ અને ભૂરાજકીય પરિસ્થિતિઓ ખાદ્ય ફુગાવા, ગ્રામીણ માંગ અને એકંદર વિકાસને અસર કરી શકે છે.ફુગાવાની ગતિશીલતા પર સતર્કતા જરૂરી છે. છૂટક ફુગાવા અને જથ્થાબંધ ભાવ વચ્ચેનો તફાવત ખર્ચના દબાણમાં વધારો દર્શાવે છે.

## બિઝનેસ આજકાલ

### મેમાં દેશની ક્રૂડ ઓઇલની આયાત ૪.૯ મિલિયન બેરલ પહોંચી

નવીદિલ્હી : પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિમાં સુધારો થવાના કોઈ નક્કર સંકેતો નથી. આ સંદર્ભમાં, ભારતે છેલ્લા ૯૦ દિવસમાં તેની ઈંધણ પુરવઠા વ્યૂહરચનામાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત વધારવા ઉપરાંત, તે બ્રાઝિલ, વેનેઝુએલા અને અંગોલા જેવા દેશોથી પણ ક્રૂડ ઓઈલ મેળવી રહ્યું છે. અમેરિકામાંથી એલએનજી અને એલપીજીનો પુરવઠો વધારવામાં આવ્યો છે, પશ્ચિમ એશિયામાં પરંપરાગત સપ્લાયર્સ હાલમાં પૂરતો જથ્થો પૂરો પાડી રહ્યા નથી. કેપ્લરના ડેટા અનુસાર, મે મહિનામાં ભારતની ક્રૂડ ઓઈલની આયાત ૧૦ ટકા વધીને ૪.૯ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ હતી.

### ભારતમાં સોનું ૧૮% મોંઘું કેમ? એક લાખ પર રૂા.૧૮૦૦૦ વધુ ચૂકવવા પડે

નવીદિલ્હી : લગ્નસરાની સીઝન હોય કે દિવાળી-ધનતેરસ જેવા તહેવારો, ભારતીયો માટે સોનું ખરીદવું એ હંમેશાં પહેલી પસંદ રહ્યું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, જે સોનું ભારતમાં ખૂબ ઊંચા ભાવે મળે છે, તે જ સોનું દુબઈ, અમેરિકા અને સિંગાપોર જેવા દેશોમાં ઘણું સસ્તું હોય છે. આંકડા દર્શાવે છે કે, ભારતમાં સોનું આંતરરાષ્ટ્રીય માર્કેટ કરતાં લગભગ ૧૮% જેટલું મોંઘું છે. એટલે કે અહીં ૧૦ ગ્રામ સોનું ખરીદવા માટે જેટલો ખર્ચ કરવો પડે છે, તેટલા જ ખર્ચમાં વિદેશોમાં વધુ સોનું આવી જાય છે.

### ભારતમાં (યુપીઆઈ)નો રોજિંદા ઉપયોગ સતત વધી રહ્યો છે

નવીદિલ્હી : ભારતમાં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ નો રોજિંદા ઉપયોગ સતત વધી રહ્યો છે અને તે દેશની સૌથી વધુ ઉપયોગમાં લેવાતી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમોમાંથી એક બની ગઈ છે. યુપીઆઈએ તેના વ્યાપ અને પહોંચ બંનેમાં નોંધપાત્ર વધારો કર્યો છે. હાલમાં તે દર મહિને ૨૨.૬૦ અબજથી વધુ ટ્રાન્ઝેક્શન પ્રોસેસ કરે છે અને ૫૦.૪ કરોડથી વધુ ભારતીયો તેનો ઉપયોગ કરે છે. એપ્રિલ ૨૦૨૬ દરમિયાન ટ્રાન્ઝેક્શન્સનો માસિક રન રેટ ગયા વર્ષની સમાન અવધિની તુલનામાં ૨૫ ટકા વધુ રહ્યો હતો, જે દર્શાવે છે કે આ વૃદ્ધિનો વેગ સતત યથાવત છે એમ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશનના સોહિની રાજોલાએ જણાવ્યું હતું.

### અલ નીનો, યુદ્ધના કારણે દેશના આર્થિક વિકાસ સામે જોખમ : RBI

મુંબઈ : અલ નિનોની અસર, ચોમાસામાં વરસાદનું અસમાન વિતરણ તથા પશ્ચિમ એશિયા સંઘર્ષ લાંબો ચાલવાથી વર્તમાન નાણાં વર્ષમાં દેશના આર્થિક વિકાસ પર અસર પડશે તેવી રિઝર્વ બેક્ક દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. વાર્ષિક રિપોર્ટમાં રિઝર્વ બેક્કે જણાવ્યું છે કે, દેશના કૃષિ ક્ષેત્રનું આઉટલુક ચોમાસાની પ્રગતિ અને વરસાદ દરેક ક્ષેત્રમાં કેટલો પડે છે તેના પર આધારિત રહેશે. હવામાન સંબંધિત અનિશ્ચિતતા કૃષિ ઉત્પાદનો સામે ઘટાડા તરફી જોખમો ધરાવે છે. અલ નિનોની શકય સ્થિતિ કૃષિ ઉત્પાદન પર ઘટાડા તરફી જોખમ ધરાવે છે.

## ભારતમાં ઈવી ચાર્જિંગના નવા ૧૦૦ હાઈટેક સ્ટેશનો સ્થાપવામાં આવશે

મુંબઈ, તા.૩૧

મધ્ય-પૂર્વ (વેસ્ટ એશિયા)માં ચાલી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ અને હોર્મુઝની ખાડીના સંકટને કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને એલપીજીના પુરવઠા પર ગંભીર અસર પડી છે. ભારતમાં પણ ઈંધણના રેશનિંગ અને સંભવિત ભાવવધારાની આશંકાઓ વચ્ચે, પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવા માટે ઈલેક્ટ્રિક વાહન (ઈવી) ઈકોસિસ્ટમને મજબૂત કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ દિશામાં એક મોટા પ્રોજેક્ટ હેઠળ દેશના અગ્રણી ઓપરેટર ચાર્જઝોન અને આંતરરાષ્ટ્રીય ઈવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની વી-ગ્રીનએ ભારતમાં સમર્પિત ઈવી ચાર્જિંગ નેટવર્ક ઊભું કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે.

ભાગીદારી અંગે વી-ગ્રીન ઈન્ડિયાના સીઈઓ ન્ગુયેન નામ તિએનએ જણાવ્યું હતું કે, આ આંતરરાષ્ટ્રીય જોડાણ હેઠળ આગામી છ મહિનાની અંદર દેશભરના મુખ્ય વ્યાપારી અને વ્યૂહાત્મક સ્થળોએ અંદાજે ૧૦૦ વધારાના અદ્યતન કો-બ્રાન્ડેડ ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવાનું આયોજન કરવામાં આવ્યું છે. પાયલોટ પ્રોજેક્ટના ભાગરૂપે પ્રથમ હાઈટેક ચાર્જિંગ સ્ટેશન પહેલેથી જ કાર્યરત કરી દેવામાં આવ્યું છે. આ સ્ટેશનમાં ૬૦ કિલોવૉટનું ડાયરેક્ટ કરંટ ફાસ્ટ ચાર્જર સ્થાપિત કરાયું છે. ચાર્જઝોનના સીઈઓ કાર્તિકેય હરિયાણીના જણાવ્યા અનુસાર, વર્તમાન વૈશ્વિક ઊર્જા સંકટે સાબિત કરી દીધું છે કે ભારતે ગ્રીન મોબિલિટી તરફ ઝડપથી આગળ વધવું પડશે. ઈવી વાહનોના વેચાણની સાથે-સાથે જો રસ્તાઓ પર મજબૂત ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હશે, તો જ સામાન્ય નાગરિકો કોઈપણ ભય વિના ઈલેક્ટ્રિક વાહનો અપનાવી શકશે.

## પશ્ચિમ એશિયાના વિવાદ છતાં એપ્રિલમાં સેવા નિકાસ ૧૨.૭% વધી

નવી દિલ્હી, તા.૩૧

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, ભારતીય અર્થતંત્રે તેની પ્રચંડ તાકાત દર્શાવી છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આંકડા અનુસાર, એપ્રિલમાં ભારતના સેવા વેપારમાં આયાત અને નિકાસ બંને મોરચે મજબૂત વિસ્તરણ થયું છે. આ વૃદ્ધિ એ સ્પષ્ટ કરે છે કે ભૌગોલિક રાજકીય આંચકાઓ પણ હાલમાં ભારતના સેવા ક્ષેત્રને ધીમું કરી રહ્યા નથી. ભારતના સેવા ક્ષેત્રની નિકાસ એપ્રિલમાં ૧૨.૭ ટકાની મજબૂત વૃદ્ધિ નોંધાવીને ૩૭.૦૨૧ અબજ ડોલર પર પહોંચી ગઈ. વ્યવસાયિક મોરચે આ સફળતા એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે આ સમગ્ર કેલેન્ડર વર્ષમાં નોંધાયેલ સૌથી વધુ વૃદ્ધિ છે. આ જ સમયગાળા દરમિયાન, નિકાસની સાથે, સેવા આયાતમાં પણ ૮.૯ ટકાનો વધારો જોવા મળ્યો અને તે $૧૮.૪૧૭ બિલિયન રહી

## નર્મદામાં વાવાઝોડામાં મકાન ધરાશાયી, ૧૧ વર્ષની બાળકીનું મોત

રાજપીપળા,તા.૩૧

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી વાવાઝોડા અને વરસાદની આગાહી નર્મદાના નાંદોદ તાલુકાના લાછરસ ગામ માટે આફત બનીને ત્રાટકી છે.ગત મધ્યરાત્રિએ આવેલા ભયાનક વાવાઝોડાને કારણે એક ગરીબ પરિવારનું મકાન ધરાશાયી થયું છે, જેમાં ૧૧ વર્ષની માસૂમ બાળકીનું કાટમાળ નીચે દટાવાથી કરૂણ મોત નીપજ્યું છે.આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

ગત રોજ મધ્યરાત્રિએ આશરે ૨ થી ૩ વાગ્યાના સુમારે નર્મદા જિલ્લામાં ભારે પવન અને વાવાઝોડા સાથે વરસાદ શરૂ થયો હતો.આ દરમિયાન લાછરસ ગામમાં રહેતો એક પરિવાર જ્યારે રાત્રે નિરાંતે સૂતો હતો, ત્યારે અચાનક ફૂંકાયેલા જોરદાર વાવાઝોડાને કારણે મકાનની બાજુની દીવાલ ધડાકાભેર તૂટી પડી હતી.દીવાલનો આ ભારેખમ કાટમાળ સીધો છત પર પડતાં ઉપરનો આખો સ્લેબ પણ ધરાશાયી થઈને નીચે પડ્યો હતો, જેના કારણે આખો પરિવાર કાટમાળ નીચે દટાઈ ગયો હતો.

આ ઘટનાના ભયાનક અવાજથી આજુબાજુના પડોશીઓ જાગી ગયા હતા.ગ્રામજનોએ ભારે જહેમત બાદ કાટમાળ નીચેથી એક-એક કરીને પરિવારના સભ્યોને બહાર કાઢ્યા હતા અને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.પરંતુ કમનસીબે, ૧૧ વર્ષની માસૂમ બાળકી ‘રીંકુ’ને તબીબોએ તપાસીને મૃત જાહેર કરી હતી.સદનસીબે આ ભયાનક અકસ્માતમાં માતા-પિતાનો આબાદ બચાવ થયો છે અને તેમને સામાન્ય ઈજાઓ પહોંચી છે.


### ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

ફર્ટીલાઈઝરનગર - ૩૯૧૭૫૦, જિ. વડોદરા, ગુજરાત, ભારત.
CIN : L99999GJ1962PLC001121 • www.gsfclimited.com
• Phone : 0265-3093854 • Fax : 0265-2240021 • E-mail ID: secdiv@gsfcltd.com

**શેરધારકોને નોટીસ**

**કંપનીના ઇક્વિટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) એકાઉન્ટમાં તબદીલ કરવા બાબત**

આથી સૂચિત કરવામાં આવે છે કે કંપની એવા સર્વે ઈક્વિટી શેરો કે છેલ્લા સતત સાત વર્ષોથી જેનું ડિવિડન્ડ વટાવેલ નથી અથવા તેના પર કોઈ દાવો કરાયેલ નથી તેવા ઈક્વિટી શેરોને કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્થાપિત (IEPF) ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ખાતામાં કંપનીઝ એક્ટ, ૨૦૧૩ (“કાયદો”)ની કલમ ૧૨૪(૬) સાથે વાંચતા ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ, ઑડિટ, ટ્રાન્સફર એન્ડ રિફંડ) એમેન્ડમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ (“નિયમો”)ની જોગવાઈ અનુસાર સમયાંતરે થતા સુધારા પ્રમાણે તબદીલ કરશે.

કંપનીએ શેરધારકોને તેમના નોંધાયેલા સરનામે તારીખ **૨૦મી મે, ૨૦૨૬**નાં રોજ મોકલેલ રજીસ્ટર્ડ પત્ર દ્વારા સંબંધિત શેરધારકોને જાણ કરેલ છે કે જેમણે **નાણાંકિય વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૪-૨૫** નાં વર્ષનાં જાહેર કરાયેલ તેમનાં ડિવિડન્ડનો દાવો એ પોતાનું ડિવિડન્ડ સતત સાત વર્ષથી વટાવેલ નથી તે નિયમાનુસાર IEPF ઓથોરીટી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાને પાત્ર થાય છે તે શેરધારકોને વિનંતી કરવામાં આવે છે તેઆએ કંપનીના પત્રમાં જણાવ્યા અનુસાર જરૂરી દસ્તાવેજો મોકલવા.

જે શેરધારકોએ સતત સાત વર્ષથી તેમના ડિવિડન્ડને વટાવેલ નથી અને જેઓનાં શેર IEPF ઓથોરીટી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાને પાત્ર થાય છે તેઓની યાદી કંપનીની વેબસાઈટ પર વેબલિન્ક https://gsfclimited.com/transfer-of-share-to-iepf પર ઉપલબ્ધ છે.

આ બાબતમાં કંપનીને સંબંધિત શેરધારકો **તા.૩૧/૦૮/૨૦૨૬** અથવા ઉલ્લેખીત કરાનાર અન્ય કોઈ તારીખ સુધીમાં તરફથી માન્ય દાવો કંપનીને મળે નહી તો કંપની, ઉક્ત અધિનિયમ અને નિયમોની નિર્ધારિત આવશ્યકતા પુર્ણ કરવા માટે, વધારાની કોઈપણ નોટીસ આપ્યા વગર IEPF ઓથોરીટી એકાઉન્ટમાં શેર ટ્રાન્સફર કરશે.

**જો શેર્સ ભૌતિક સ્વરૂપમાં હોય તો:** શેરહોલ્ડરોના નામે નોધાયેલા મૂળ શેર સિટર્ફિકેટ રદ થયેલ માનવામાં આવશે અને તેના બદલે નવા શેર સિટર્ફિકેટ ઈશ્યુ કરીને IEPFના નામે ટ્રાન્સફર કરવામાં આવશે.

**જો શેર્સ ડિમટીરીયલાઈઝ્ડ સ્વરૂપમાં હોય તો:** કંપની સંબિંધત ડિપોઝિટરીઓ (NSDL અથવા CDSL) મારફતે કોર્પોરેટ એક્શન દ્વારા શેરોને IEPFના ખાતામાં ટ્રાન્સફર કરાશે.

શેરધારકો કૃપા કરીને નોંધ લે કે બાકી રહેલ ડિવિડન્ડની રકમ તેમજ IEPFમાં ટ્રાન્સફર કરાયેલા શેરોની સંખ્યા અને તે શેરો પર મળતા તમામ લાભો, જો હોય તો, મેળવવા માટે જરૂરી દસ્તાવેજોની ભૌતિક નકલ કંપનીને મોકલીને Entitlement Letter (હકપત્ર) મેળવી શકાશે. Entitlement Letter મેળવીયા બાદ, શેરધારકો www.iepf.gov.in અથવા https://gsfclimited.com/transfer-of-share-to-iepf વેબસાઈટ પર વેબ આધારિત Form IEPF-૫ ઑનલાઈન ભરવાનું રહેશે અને Entitlement Letter સાથે તેની ભૌતિક નકલ કંપનીને મોકલવાની રહેશે.

વધુમાં, SEBI દ્વારા જારી કરાયેલા વિવિધ પિરપર્તો અનુસાર, જેમના લેજર ફોલિયો PAN, ઈમેલ આઈડી, નોમિનેશનની વિગતો તથા બેંક ખાતાની વિગતો સાથે મેપ થયેલા નથી, તેવા શેરહોલ્ડરોએ સંબિંધત ફોલિયો સાથે નોંધણી કરવા માટે આ વિગતો ફરિજયાત રીતે RTA ને પૂરી પાડવા વિનંતી કરવામાં આવે છે.

આ બાબતે કોઈપણ માહિતી / સ્પષ્ટતા માટે, સંબંધિત શેરધારકોને કંપની સેક્રેટરી, જી.એસ.એફ.સી. લિમિટેડ, ફર્ટિલાઈઝરનગર-૩૯૧૭૫૦, જીલ્લો : વડોદરા, ગુજરાત, ટેલી.નં. ૦૨૬૫-૩૦૯૩૮૫૪, ઈમેલ : secdiv@gsfcltd.com અથવા કંપનીના રજીસ્ટ્રાર અને શેરટ્રાન્સફર એજન્ટ, એમયુએફજી (MUFG) ઈન્ટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, “ગીતાકુંજ”, ૧, ભક્તિ નગર સોસાયટી, એબીએસ ટાવર્સની પાછળ, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૫, ટેલી.નં. ૦૨૬૫-૩૫૬૬૭૬૮ લખવા અથવા તેમનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ વતી,
સહી/-
નિધિ પિલ્લઇ
કંપની સેક્રેટરી અને વાઇસ પ્રેસીડેન્ટ (લીગલ)

સ્થળ : વડોદરા
તારીખ : ૨૫.૦૫.૨૦૨૬



### Brijlaxmi Leasing and Finance Limited

Regd. Office: 24, Suwernapuri Soceity, Chikuwadi, Near Jetalpur Road, Alkapuri, Vadodara 390 007
Website: www.brijlaxmi.com, Email: barodagroup99@gmail.com.
CIN: L65993GJ1990PLC014183

**Extract of audited Financial Results for the Fourth Quarter and Financial Year ended on 31st March, 2026** (Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 31.03.2026 | Year ended 31.03.2026 | Corresponding Quarter ended 31.03.2025 |
|---|---|---|---|---|
| | | Audited | Audited | Audited |
| 1. | Total Income from Operations | 78.76 | 265.10 | (23.40) |
| 2. | Net Profit/(Loss) for the period (before tax, Exceptional Items & or Extraordinary Items) | 6.94 | 86.02 | 410.66 |
| 3. | Net Profit/(Loss) for the period before tax (after exceptional and/or Extraordinary Items) | 6.94 | 86.02 | 410.66 |
| 4. | Net Profit/(Loss) for the period after tax (after exceptional and/or Extraordinary Items) | 2.74 | 66.17 | 354.97 |
| 5. | Total comprehensive income for the period [comprising profit/(loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | (34.77) | 33.46 | 354.97 |
| 6. | Paid up Equity Share Capital | 646.35 | 646.35 | 646.35 |
| 7. | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year. | - | 43.05 | - |
| 8. | Earning per share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) - 1.Basic | 0.04 | 1.02 | 5.49 |
| | 2.Diluted | 0.04 | 1.02 | 5.49 |

Note:
1. The above standalone financial results for the Fourth quarter and Financial Year ended 31.03.2026 have been reviewed by the Audit Committee and there after approved and taken on record by the Board of Directors of the Company at their meeting held on 30th May, 2026.
2. The Company's operations fall under single segment as per Ind AS- 108 "Segment Reporting".
3. Previous period figures have been regrouped and reclassified, where necessary, to make them comparable with current period figures.
4. The aforesaid financial results are available on the website of the Company and the website of the Stock Exchange where the shares of the Company are listed.

By the Order of the Board
SD/-
Siddharth Chaturvedi
Managing Director and CFO

Date : 31.05.2026
Place : Vadodara



### Asian Petroproducts and Exports Limited

Regd. Office: 24, Suwernapuri Soceity, Chikuwadi, Near Jetalpur Road, Alkapuri, Vadodara 390 007
Website: www.asianpetro.in, Email: barodagroup99@gmail.com.
CIN: L23209GJ1991PLC016666

**Extract of Audited Financial Results for the Fourth Quarter and Financial Year ended on 31st March, 2026** (Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Quarter ended 31.03.2026 | Quarter ended 31.03.2025 | Year ended 31.03.2026 | Year ended 31.03.2025 |
|---|---|---|---|---|---|
| | | Audited | Audited | Audited | Audited |
| 1. | Total Income from Operations | 1000.59 | 3152.32 | 6750.30 | 4167.05 |
| 2. | Net Profit/(Loss) for the period before tax | 104.83 | (01.94) | 122.00 | (117.65) |
| 3. | Net Profit/(Loss) for the period after tax | 103.83 | (01.94) | 121.00 | (117.65) |
| 4. | Total comprehensive income for the period [comprising profit/(loss) for the period (after tax) and other comprehensive income (after tax)] | 103.83 | (01.94) | 121.00 | (117.65) |
| 5. | Paid up Equity Share Capital | 2455.79 | 2455.79 | 2455.79 | 2455.79 |
| 6. | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of previous year | - | - | - | - |
| 7. | Earning per share 1. Basic (in Rs.) | 0.42 | (0.01) | 0.49 | (0.48) |
| | 2. Diluted (in Rs.) | 0.42 | (0.01) | 0.49 | (0.48) |

Note:
1. The above Financial Results are reviewed by Audit Committee and thereby have been taken on records by Board of Directors in their Meeting held on 30th May, 2026.
2. The Financial Results for the fourth quarter and Year ended 31st March, 2026 has been audited by the Statutory Auditors of the Company.
3. The Company operates only in one segment.
4. The figures of current quarter and quarter ended 31st March, 2025 are the balancing figures between audited figures of the full financial year ended 31st March, 2026 and 31st March, 2025 respectively and the published year to date figures upto third quarter ended 31st December, 2025 and 31st December, 2024, respectively, which were subjected to limited review.
5. Corresponding figures of the previous period / year have been regrouped and rearranged to make them comparable, wherever necessary.

By the Order of the Board
Sd/-
Jaykishor Chaturvedi
Managing Director

Date : 30.05.2026
Place : Vadodara



### રેપીકટ કાર્બાઈડસ્ લિમિટેડ

૧૧૯, જીઆઇડીસી ઇન્ડસ્ટ્રીયલ એરિયા, અંકલેશ્વર ૩૯૩૦૦૨, ગુજરાત
ફોન : ૭૫૭૩૦૨૨૦૧૬/ ૭૬૨૨૦૦૨૨૦૩ CIN : L28910GJ1977PLC002998
Email : investors@rapicutcarbides.com Website : www.rapicutcarbides.com

**૩૧ મી માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા વર્ષ અને ત્રિમાસિક ઓડિટેડ નાણાંકીય પરિણામ** (રૂા. લાખ માં)

| વિગતો | પૂર્ણ થયેલ ત્રિમાસિક ૩૧/૦૩/૨૦૨૬ (ઓડિટેડ) | પૂર્ણ થયેલ ત્રિમાસિક ૩૧/૧૨/૨૦૨૫ (અનઓડિટેડ) | પૂર્ણ થયેલ ત્રિમાસિક ૩૧/૦૩/૨૦૨૫ (ઓડિટેડ) | પૂર્ણ થયેલ વાર્ષિક ૩૧/૦૩/૨૦૨૬ (ઓડિટેડ) | પૂર્ણ થયેલ વાર્ષિક ૩૧/૦૩/૨૦૨૫ (ઓડિટેડ) |
|---|---|---|---|---|---|
| ૧ કુલ આવક કામગીરીમાંથી | ૪૯૩૦.૬૭ | ૨૦૭૭.૭૩ | ૧૦૪૭.૬૨ | ૯૬૨૭.૯૫ | ૪૧૯૮.૬૪ |
| ૨ ચોખ્ખો નફો/(ખોટ) (કર, અપવાદરૂપ અને/અથવા અસાધારણ આઇટમસ્ પહેલાં) | ૪૦.૬૯ | ૧૭૪.૫૪ | ૩૭.૨૫ | ૨૧૧.૧૨ | (૨૨૪.૭૯) |
| ૩ ચોખ્ખો નફો/(ખોટ) કર પહેલા (અપવાદરૂપ અને/અથવા અસાધારણ આઇટમસ્ પછી) | ૪૦.૬૯ | ૧૭૪.૫૪ | ૩૭.૨૫ | ૨૧૧.૧૨ | (૨૨૪.૭૯) |
| ૪ ચોખ્ખો નફો/(ખોટ) કર પછી (અપવાદરૂપ અને/અથવા | ૬૪.૮૮ | ૧૫૭.૩૩ | ૩૩.૪૭ | ૨૦૬.૧૨ | (૨૩૨.૫૮) |
| ૫ કુલ કોમ્પ્રિહેન્સિવ આવક (નફો/ખોટ સહિત (કર પછી) અને બીજી કોમ્પ્રિહેન્સિવ આવક (કર પછી) | ૭૩.૯૯ | ૧૫૬.૯૯ | ૩૫.૪૯ | ૨૧૩.૯૩ | (૨૩૧.૮૬) |
| ૬ ઈકિવટી શેર મૂડી | ૫૩૭.૧૨ | ૫૩૭.૧૨ | ૫૩૭.૧૨ | ૫૩૭.૧૨ | ૫૩૭.૧૨ |
| ૭ રિઝર્વસ (રિવેલ્યુશન રિઝર્વ બાદ કર્યા પછી) અગાઉ વર્ષનાં ઓડિટેડ બેલેન્સ શીટ પ્રમાણે | | ---- | | ૧૬૩૫.૦૭ | ૧૪૨૧.૧૫ |
| ૮ ઈપીએસ (દરેક રૂા ૧૦/- ના) ૧ બેઝિક | ૧.૨૧ | ૨.૯૩ | ૦.૬૨ | ૩.૮૪ | (૪.૩૩) |
| ૨ ડાઇલ્યુટેડ | ૧.૨૧ | ૨.૯૩ | ૦.૬૨ | ૩.૮૪ | (૪.૩૩) |

નોંધ :-
૧. ઉપરોકત સેબીના અધિનિયમન ૩૩ (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ્ એન્ડ ડીસ્કલોઝર રીકવાયરમેન્ટસ્) રેગ્યુલેશન્સ્, ૨૦૧૫ હેઠળ સ્ટોક એકસચેન્જમાં રજૂ કરેલ ઓડીટેડ નાણાંકીય પરિણામોનું સારાંશ છે. ઓડીટેડ નાણાંકીય પરિણામની સંપૂર્ણ વિગત સ્ટોક એકચેન્જ ની વેબસાઇટ : www.bseindia.com અને કંપનીની URL http://www.rapicutcarbides.com/finance.htm પર ઉપલબ્ધ છે. આ પરિણામ નીચે ના QR Code ને સ્કેન કરી ને મેળવી શકાય છે.
૨. ઉપરોકત ઓડિટેડ નાણાંકીય પરિણામો કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ હેઠળ ઉલ્લેખિત ભારતીય એકાઉનટીંગ ધોરણો અનુસાર તૈયાર કરવામાં આવ્યા છે.
૩. ઉપર દર્શાવેલ ઓડીટેડ નાણાંકીય પરિણામો ઓડિટ સમીતિ ની ભલામણ અને બોર્ડ ઓફ ડાયરેકટર્સ ની તા. ૩૦-૦૫-૨૦૨૬ ના રોજ મળેલ બોર્ડ ઓફ ડાયરેકટર્સ ની સભામાં મંજૂર કરેલ છે.
૪. ઉપરોકત તા ૩૧ મી માર્ચ ૨૦૨૬ ના રોજ પુરા થતાં ત્રિમાસીક અને વાર્ષિક પરિણામો સેબીના અધિનિયમન ૩૩ (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ્ એન્ડ ડીસ્કલોઝર રીકવાયરમેન્ટસ્) રેગ્યુલેશન્સ્, ૨૦૧૫ ના સુધારા હેઠળ વૈધાનિક ઓડિટર દ્વારા ઓડિટ કરેલ છે.
૫. આ નાણાંકીય પરિણામો ૩૧ મી માર્ચ ૨૦૨૬ અને ૩૧ મી માર્ચ ૨૦૨૫ ના રોજ પુરા થયેલા ત્રિમાસિક પરિણામો સંપૂર્ણ નાણાંકીય વર્ષ ના સંદર્ભ માં ઓડિટ કરાયેલ આંકડાઓ અને સંબંધિત નાણાંકીય વર્ષ ના ત્રિમાસિક સુધી જાહેર કરેલા અત્યાર સુધી ના સમીક્ષા કરાયેલ આંકડાઓ વચ્ચે સંતુલિત છે.
૬. Ind AS 108 અનુસાર કંપની ની સમગ્ર કામગીરી ફકત એક સેગમેન્ટ સંબંધિત છે, એટલે કે ટંગસ્ટન કાર્બાઇડ ના ઉત્પાદનો.
૭. અગાઉના વર્ષ/પીરીયડ ના આંકડા જયાં જરૂર જણાય ત્યાં ગોઠવી અને પુનઃ એકત્ર કરી વર્તમાન સમયના વર્ગીકરણ સાથે અનુકૂળ કરવા માટે કરેલ છે.

સ્થળ : અંકલેશ્વર
તારીખ : ૩૦/૦૫/૨૦૨૬

બોર્ડ ઓફ ડાયરેકટર્સ ના ઓર્ડર થી
રેપીકટ કાર્બાઈડસ્ લિમિટેડ વતી
અભિષેક વી. ગામી
(મેનેજીંગ ડાયરેકટર)
(DIN: 07570948)



### ગુજરાત ગ્રામીણ બેંક

**ઈ-હરાજી નોટીસ**
ઈ-હરાજી તારીખઃ ૧૬.૦૬.૨૦૨૬
સમયઃ સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૦૦ સુધી

**રિજનલ ઓફિસ, વડોદરા. ૧૦૧, બી.એન.ચેમ્બર્સ, પ્રથમ માળ, વેલકમ હોટલ સામે, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૫. ફોનઃ ૦૨૬૫-૨૩૧૦૯૪૦/૫૦/૬૦**

ધી સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે ધી સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ ૨૦૦૨ની કલમ ૮(૬) ની જોગવાઈઓને વેચાણે લેતા સ્થાવર મિલ્કત અંગેની ઈ-ઓકશન દ્વારા વેચાણ નોટીસ.
આથી, અહીં અત્રે જાહેર જનતાને તથા વ્યક્તિગત રીતે લોનધારક(કો) અને જામીનદાર(રો) ને નીચે વર્ણવવામાં આવેલ ગુજરાત ગ્રામીણ બેંકના **પ્રત્યક્ષ કબજા**માં રહેલી મિલ્કત **તા. ૧૬.૦૬.૨૦૨૬ ના રોજ** સદર બેંકના અધિકૃત અધિકારીએ સદરહું મિલ્કત “જ્યાં છે, જેમ છે” અને “જ્યાં છે, જે છે” ના આધાર પર નીચે દર્શાવેલ જામીનપાત્ર, લોન પરનું વ્યાજ, અન્ય ખર્ચા અને લાગુ પડતા ચાર્જની વસૂલાત માટે કબજો લીધો છે. ઈ-ઓકશન website: https://www.bankeauctions.com પર સવારે ૧૦.૩૦ થી સાંજ ના ૫.૦૦ દરમિયાન યોજવામાં આવનાર છે. મિલ્કતની સંપૂર્ણ વિગત, અનામત કિંમત, ઈએમડી અને પઝેશનનો પ્રકાર નીચે દર્શાવેલ છે.

**ગુજરાત ગ્રામીણ બેંક, કન્સર્ન બ્રાન્ચમાં અરજી અને KYC સાથે EMD જમા કરવાની છેલ્લી તારીખ ૧૫.૦૬.૨૦૨૬ સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી છે.**
**મિલ્કત નિરીક્ષણ તારીખ અને સમયઃ ૧૦.૦૬.૨૦૨૬ અને સમય સવારે ૧૧:૦૦ થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી (સરફેસી એક્ટ, ૨૦૦૨ અનુસાર કાયદેસર રીતે ૧૫ દિવસની વેચાણ નોટીસ)**

| અ. નં. | શાખા નું નામ મોબાઈલ નંબર | કરજદાર(રો) ના નામ | ૧૩(૨) મુજબ ૬૦ દિવસ માંગણા નોટીસ મુજબ કુલ માંગ રકમ | સ્થાવર મિલ્કતની વિગત | અનામત કિંમત (ઈએમડી) | કબજા ની સ્થિતી |
|---|---|---|---|---|---|---|
| ૧. | વાધોડિયા રોડ મોઃ ૯૦૯૯૦૦૭૧૩૨ | કરજદારઃ શ્રી સુધીર ભાઈલાલભાઈ પરમાર | રૂા. ૧૫,૫૦,૭૯૨+ લાગુ ન થયેલ વ્યાજ + ચાર્જીસ, વગેરે | ફલેટ નં. ૩૫૧, ૩૫૨, ૩૫૩, ૩જો માળ, ક્ષેત્રફળ ૮૧.૦૦ ચોરસ મીટર સાથે અવિભાજીત પ્રમાણસર જમીન નું ક્ષેત્રફળ ૪૦.૦૦ ચોરસ મીટર ‘શ્રીજી દર્શન આવાસ હાઉસીંગ કોમ્પલેક્ષ‘ તરીકે ઓળખાતી યોજના માં, આવેલ જમીન નો રેવન્યુ સર્વે નં. ૨૪૧/૧ પૈકી, એક્ષટેન્શન ટી.પી. નં. ૬, ફાઈનલ પ્લોટ નં. ૧૫૧/૧ અને ૧૫૧/૨ ક્ષેત્રફળ ૮૯૭૫.૦૦ ચોરસ મીટર, જીલ્લો અને રજીસ્ટ્રેશન સબ જીલ્લો વડોદરા. | ૧૧,૧૧,૦૦૦/- ૧,૧૧,૧૦૦/- | પ્રત્યક્ષ |

**હરાજીના નિયમો અને શરતોની વિગતો માટે કૃપા કરીને બેંકની વેબસાઇટ https://www.ggb.bank.in/e_auction.php પર આપેલી લિંકનો સંદર્ભ લો.**

લોનધારકો/જામીનદારોને આ નોટીસ દ્વારા હરાજીની છેલ્લી તારીખ પહેલાં વ્યાજ અને અન્ય ખર્ચ સાથે માંગણાની રકમ જમા કરાવવા માટે જાણ કરવામાં આવી છે, જેમા નિષ્ફળ જતા, મિલ્કતોની હરાજી/વેચાણ કરવામાં આવશે અને જો હરાજી/વેચાણ પછી બાકી રહેલી રકમ અને ખર્ચ વ્યાજ સાથે વસૂલ કરવામાં આવશે.

સ્થળઃ વડોદરા - તારીખઃ ૦૧.૦૬.૨૦૨૬ નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. અધિકૃત અધિકારી - ગુજરાત ગ્રામીણ બેંક